

નુતન ગ્લેમર વિના પણ સિનેમા પર રાજ કરી શકાય! Pg.2

# ગુજરાતમિત્ર શો ટાઈમ


ગુરુવાર ૪ જૂન, ૨૦૨૬



સંઘર્ષો મારા શિક્ષકો રહ્યા છેઃ કીયારા અડવાણી Pg.4

બોલીવુડ બૅન પાછળ..

# રણ[વીર] નીતિ કે રાજ નીતિ?




આજકાલ બોલીવુડમાં રણવીર સિંહ ખુબ જ ચર્ચામાં આવી રાહ્યો છે. પહેલા તો તે તેની ફિલ્મ ‘ધુરંધર’ અને ‘ધુરંધર ૨ ‘ માટે ઘણો પ્રચલિત બન્યો હતો અને હવે ફરહાન અખ્તરની ફિલ્મ ‘ડોન ૩ ‘ છોડી દીધા પછી વધુ ચર્ચામાં આવ્યો. વર્ષ ૨૦૨૩ માં ‘ડોન ૩’ માટે રણવીરની લીડ રોલ માટે સત્તાવાર જાહેરાત થઈ ગઈ હતી. ડોન નો આઈકોનિક રોલ અગાઉ અમિતાભે બચ્ચન અને ત્યારબાદ શાહરૂખ ખાને કર્યો હતો અને હવે, આ મોકો રણવીરને મળ્યો હતો. આ ફિલ્મનો પ્રમોશનલ વિડીયો પણ રીલીઝ થયો હતો. પરંતુ પછીથી આ ફિલ્મ વારંવાર પાછળ ઠેલાવા લાગી. તો પછી, સવાલ એ છે કે રણવીરે આ આઈકોનિક ફિલ્મની ફ્રેન્ચાઈઝી શા માટે છોડી? સુત્રોના જણાવ્યા પ્રમાણે રણવીર ફીલ્મના મેકર્સ સાથે ક્રિયેટીવ બાબતોને લઈને ઘણાં મતભેદ થયા હતા. એવું સાંભળવામાં આવ્યું છે કે રણવીરને ‘ડોન’ નું પાત્ર થોડુ વધારે આક્રમક જોઈતું હતું. તે ઈચ્છતો હતો કે ડોનનું પાત્ર તેની ભાષા અને વર્તનમાં થોડી વધારે આક્રમકતાનો ઉપયોગ કરે. તો બીજી બાજુ, ફરહાન અખ્તર મૂળ ડોનના પાત્રને વળગી રહેવા માંગતો હતો. આમ, તેમની વચ્ચે ક્રિયેટીવ ડિફરન્સ આવી ગયો. વળી, સુત્રો એમ કહે છે કે ફિલ્મનું વારંવાર પ્રોડક્શન પાછળ ઠેલાયા કરતું હતું અને તેની ફાઈનલ સ્ક્રીપ્ટ પણ રણવીરની મરજી પ્રમાણે તૈયાર થઇ ના હતી. આમ, ફિલ્મના પ્રોડક્શનને કારણે અને સ્ક્રીપ્ટને લઈને ચાલતી અસ્થિરતાને કારણે રણવીરે કંટાળીને ફિલ્મ છોડી દીધી. જોકે, ડોન ૩ છોડવાના કારણ વિષે રણવીરે મૌન જ સેવ્યું છે. તેના તરફથી હજી સુધી કઈ પણ કારણ આપવામાં આવ્યું નથી. તો બીજી બાજુ, ફરહાન આ વિષે કહે છે કે, ‘મને શીખવા મળ્યું કે અનપેક્ષિત પણ થઇ શકે છે. જ્યાં સુધી ફિલ્મ બનીને પૂર્ણ ન થાય ત્યાં સુધી કશું જ ચોક્કસપણે કહી શકાતું નથી.’ ફિલ્મ ડોન ૩ શરૂ થવાના એક અઠવાડિયા પહેલા જ રણવીરે આ ફિલ્મ છોડી દીધી અને બદલામાં અખ્તરના પ્રોડક્શન હાઉઝ એક્સેલ એન્ટરટેનમેન્ટ એ તેની પાસે રૂ. ૪૫ કરોડના વળતરની માંગણી કરી અને FWICE [ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સીને એમ્પ્લોયઝ] તરફથી નિર્ણય લેવામાં આવ્યો કે જ્યાં સુધી ફરહાન અખ્તર સાથેનો મતભેદ દુર ન થઇ જાય ત્યાં સુધી આ ફેડરેશન સાથે જોડાયેલા કોઈપણ વર્કર્સ રણવીર સિંહ સાથે કામ કરશે નહિ. આમ આડકતરી રીતે રણવીર સિંહ પર તેમણે પ્રતિબંધ મૂકી દીધો.

હવે, રણવીર એ ફરહાન અને તેની વચ્ચે વધી ગયેલા તણાવને ઓછો કરવાનો પ્રયત્ન કર્યો છે. તેણે ફરહાન અને તેની બહેન ઝોયા અખ્તરને એક ઓફર આપી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રણવીર વ્યવસાયિક સંબંધો સુધારવાના પ્રયાસમાં પરસ્પર પસંદ કરાયેલ પ્રોજેક્ટ પર કામ કરવા તૈયાર છે. વળી રણવીરે આ સિવાય પણ એક ઓફર આપી કે તે અત્યારે ૧૦ કરોડ રૂપિયા એક્સેલ એન્ટરટેઈન્મેન્ટને આપે અને આગામી ફિલ્મોમાં રૂપિયા ૨૫ કરોડનું પોતાના તરફથી ડિસ્કાઉન્ટ પણ આપવા તૈયાર છે. પરંતુ, ફરહાન અને તેના પ્રોડક્શન પાર્ટનર રીતેશ સિધવાની એ આ બંને ઓફર ફગાવી નાખી છે. તેઓ કહે છે કે ફરહાન કે તેની બહેન ઝોયા પણ રણવીર સાથે કામ કરવા તૈયાર નથી. હવે આ વિવાદમાં સલમાન ખાનની એન્ટ્રી થાય છે. તે બંને પક્ષોને આગામી પ્રોજેક્ટ્સમાં નુકસાન ન જાય તે માટે સમાધાન કરવાનું સમજાવી રહ્યો છે. સલમાને બંનેની વાત વ્યક્તિગત રીતે સાંભળી છે જેથી તે બંનેના દ્રષ્ટિકોણને સમજી શકે અને બંને સલમાનની સલાહ ગંભીરતાથી લઇ રહ્યા છે. સલમાને ફરહાનને સમજાવ્યું કે, ‘ફિલ્મોમાં ક્રિયેટીવ ડીફરન્સીસ દાયકાઓ થી આવતા રહ્યા છે. મેં રણવીરની વાત પણ પૂરી સાંભળી છે. હું બંને ને યોગ્ય લાગે તેવા એક સમાધાન પર તમને લાવવાનો પ્રયત્ન કરવા માંગું છું.’ અગાઉ, ફરહાન અને રણવીર વચ્ચે સમાધાન કરાવવા આમીર ખાને પણ પ્રયત્નો કર્યા હતા. આમીરે રણવીરને પોતાના ઘરે વાત કરવા બોલાવ્યો હતો ત્યારે રણવીરે શરત રાખી હતી કે ત્યાં ફરહાન અને રીતેશ સિધવાની હાજર હોવા જોઈએ નહિ. તો બીજી બહુ ફરહાન અને રીતેશે પણ એવી શરત રાખી છે કે તેઓ ત્યારે જ કોઈપણ સમાધાનનો સ્વીકાર કરશે જ્યારે તેમની હાજરી હોય. આમ, બંને પક્ષો તરફથી તણાવ વધતો ગયો. આ વિવાદમાં એક વાત નોધનીય છે કે રણવીરે શરૂઆતથી જ આ વિષે મૌન સેવ્યું છે. પરંતુ, તેના વર્તનથી એક વાત સ્પષ્ટ થાય છે કે તે નમતું જોખવા તૈયાર નથી. પોતાના પર પ્રતિબંધ લાગવા છતાં તે પોતાની આગામી ફિલ્મ પ્રલય રીલીઝ કરવા જઈ રહ્યો છે. તે કોઈ પણ પ્રતિક્રિયા આપતો નથી અને ફક્ત પોતાના કામમાં જ મશગુલ રહે છે.

ટોક ઓફ ધ ટાઉન


હવે સવાલ એ છે કે શું રણવીર પહેલો એવો એક્ટર છે જેણે છેલ્લી ઘડીએ ફિલ્મ છોડી હોય? ના, આવું તો કેટલીય વાર બન્યું છે કે કોઈ ફિલ્મના લીડ એક્ટરને રાતો રાત રિપ્લેસ કરવામાં આવ્યો હોય. તો પછી રણવીર પર જ કેમ FWICE એ પ્રતિબંધ મુક્યો. જોકે આ મુદ્દે એમ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી પરંતુ, જ્યાં સુધી રણવીર ફરહાન સાથેના મતભેદ ઉકેલશે નહિ ત્યાં સુધી FWICE ના લાખો કર્મચારીઓ તેની સાથે કામ કરશે નહિ. પરંતુ, છેલ્લે વાત એક જ જગ્યા પર આવીને અટકી જાય છે. ક્યાં તો રણવીર સાથે અન્યાય થયો છે અથવા તો તેણે આ બધું પોતાની ભુલને કારણે ઊભું કર્યું છે. તો વળી, કેટલાક સુત્રો એમ પણ જણાવે છે કે રણવીર ધુરંધરની સફળતાથી ચગી ગયો છે. આમ પણ તેની ઈમેજ બિન્દાસ જ રહી છે અને આ ફિલ્મની સફળતા એ તેને વધુ તોછડો બનાવી દીધો છે. જો રણવીર પોતાના જ અભદ્ર વર્તનને કારણે આ મુશ્કેલીમાં મુકાયો હોય તો તેણે ઘણી મોટી ભૂલ કરી છે. કારણકે, અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જેવા સુપસ્ટાર એક્ટર્સ એ જે ફિલ્મ ની ફ્રેન્ચાઈઝીમાં કામ કર્યું હોય તેવી ફિલ્મ છોડવી નરી મુર્ખામી છે. વળી, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દરેક એક્ટર રીપ્લેસેબલ છે. આજે જો રણવીર છે તો કાલે તેની જગ્યાએ કોઈ બીજો એક્ટર આવી જશે. આમ, તેને કોઈ પણ નિર્ણય લેતા પહેલા સાવધાની રાખવાની જરૂર છે. કઈ નહિ તો તેણે તેની સુપરસ્ટાર પત્ની દીપિકા પાદુકોણ પાસેથી પણ શીખવું જોઈએ કે બોલીવુડમાં સંબંધો કેવી રીતે સાચવી શકાય. જો રણવીર સફળતાના નશામાં આવીને આવા નિર્ણય લેતો હોય તો ભવિષ્ય માં બોલીવુડ એક સુપરસ્ટારને ગુમાવી દેશે. ●

# અનીલ અને બીવી નં ૧ ની યાદો

૧૯૯૯ માં રીલીઝ થયેલી બોલીવુડ બ્લોકબસ્ટર ફિલ્મ બીવી નં ૧ ને આ વર્ષે રીલીઝ થયાને ૨૭ વર્ષ પુરા થયા અને એ નિમિત્તે અનિલ કપૂરે સોશિયલ મીડિયા પર ફિલ્મ સાથે જોડાયેલી પોતાની યાદો અને ફિલ્મના તેના પાત્ર લખન માટેની ઓરીજીનલ ચોઈસ વિષે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે.

પોતાના ફોલોઅર્સ સાથે ફિલ્મ વિષે વાત શેર કરતા અનિલ કહે છે કે,’ કેટલીક ફિલ્મો તમે હજી પણ બનાવી રહ્યા હોવ તેવી સ્પેશીયલ લાગે છે! બીવી નં ૧ એ એવી એક ફિલ્મ છે. મને જે પાત્ર મળ્યું હતું તે ઓરીજીનલી કમલ હસન ભજવવાના હતા. પરંતુ, તે મને મળ્યું અને તે વર્ષે મને આ ફિલ્મ માટે ઘણા એવોર્ડ્સ પણ મળ્યા હતા. ફિલ્મને કારણે મારી તબ્બુ અને સલમાન સાથેની દોસ્તી પણ ગાઢ થઇ હતી. ‘ફિલ્મમાં ફક્ત સારા પાત્રો અને તેમનો ઉચ્ચ કોટિનો અભિનય જ નહિ પરંતુ, એવરગ્રીન મ્યુઝીક પણ હતું જે આજે પણ લોકોના દિલોમાં રાજ કરે છે. આ વિષે અનિલ કહે છે કે,’ ફિલ્મ માટે સુખવિંદર સિંઘે પ્લેનની ફ્લાઈટ દરમિયાન ‘હાય હાય મિર્ચી’ તુરંત ઉભું કરી દીધું હતું. આવા ચમત્કારોથી આ ફિલ્મ બની હતી.’

બોલિવ્લોગ વિથ પૅપ



આ સિવાય અનીલ ફિલ્મની કોમિક એન્ટરટેઈનર ની સર્જનાત્મક કલ્પના કરનારી ટીમનો પણ ઊંડા દિલથી આભાર માને છે. તેઓ દિગ્દર્શક, નિર્માતા અને લેખન ટીમનો આભાર માનતા લખે છે, ‘આ અવિસ્મરણીય સફર માટે ડેવિડ ધવન, વાશુ ભગનાની, રૂમી જાફરી અને સુખવિંદર સિંઘનો આભાર. આ ફિલ્મના કલાકારો, સંગીત, યાદો આ બધું જ ખાસ રહ્યું છે. આ એવી ફિલ્મ છે જેણે મને ઘણું બધું આપ્યું છે.’ આની સાથે જેકી ભગનાની એ પણ અનિલના સૂરમાં સુર પુરાવ્યો અને આ ફિલ્મની સિલ્વર જુબલી સેલીબ્રેટ કરવા સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી. જેકી ભગનાની એ પણ આ ફિલ્મ સાથે જોડાયેલી પોતાની યાદો શેર કરી. જેકી એ પણ જણાવ્યું કે આ ફિલ્મ બોક્સ ઓફીસ પર જાદુ કરે તે માટે તેના પિતા વાશુ ભગનાની એ અને ફિલ્મના ડીરેક્ટર ડેવિડ ધવનને હાથ મેળવ્યા હતા અને તે પોતે ત્યારે એક બાળક હોવાથી આ ફિલ્મના સેટ પર આમ તેમ દોડ્યા કરતો હતો. ●

# ટ્રોલરને શમિતાએ આપ્યો વળતો જવાબ

અભિનેત્રી શમિતા શેટ્ટી એ તેની ઉંમર અને અવિવાહિત હોવાને કારણે જે ટ્રોલીંગ સોશિયલ મીડિયા પર સહન કરવું પડ્યું તેને તેનો બરાબર વળતો જવાબ આપ્યો.

જેમણે શમિતાને તેની ઉંમર અને તેના અવિવાહિત હોવાને કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી હતી તેમને તેણે કડક પ્રતિક્રિયા આપી છે. હાલમાં, શમિતાએ એક અસંવેદનશીલ ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો જેમાં તે ૪૭ વર્ષની થઇ ગઈ અને હજી પણ સિંગલ કેમ છે તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. આની સામે શમિતાએ સોશિયલ મીડિયા પર જોરદાર પ્રતિક્રિયા આપી હતી. તેમની તુચ્છ માનસિકતા પર તેને પ્રહાર કર્યો.



શમિતા માટે જે કમેન્ટ કરવામાં આવી હતી તેમની એક એવી હતી કે, ‘તમારી ઉંમર થઇ ગઈ છે. હવે પહેલા જેવી વાત તારા માં દેખાતી ન થી.’ આના જવાબ માં શમિતા એ કહ્યું કે ‘હા, હું અલગ દેખાઈશ.. સમય સાથે દરેક માં પરિવર્તન આવે જ છે. આ જ તો જીવન છે...હંમેશ માટે કશું જ એક સરખું રહેતું નથી પછી તે શારીરિક દેખાવ પણ કેમ ન હોય! જ્યાં સુધી ઉંમરની વાત છે તો ઈશ્વરે મને તંદુરસ્તી અને કૃતજ્ઞતા થી ભરપુર હૃદય આપ્યું છે ...અને બસ મારા માટે તે જ મહત્વનું છે.’ શમિતા માટે યુઝરે એવી પણ કમેન્ટ કેરી હતી કે ‘સમયસર લગ્ન કરી લીધા હોત તો આજે તારા બાળકો મોટા થઇ ગયા હોત’ અને શમિતા એ આના જવાબ માં કહ્યું કે, ‘તો? હા તમારી વાત ચોક્કસ સાચી છે...પણ..તમે લગ્ન કરીને કઈ મોટી તોપ ફોડી છે ભાઈ?’ અંતે શમિતા એ કહ્યું કે, ‘ખરેખર કહું તો, તમે સિંગલ સ્ત્રીની પાછળ કેમ પડેલા છો? આદિમાનવના સમયની વાત કરતા હોવ તેમ તેને તેની ઉંમરને લઈને કમેન્ટ કે પિતૃસત્તાક રૂઢીચુસ્ત વિચારસરણી તેના પર થોપવા નો પ્રયત્ન શા માટે કરો છો? મારા પર મહેરબાની કરીને એક ઉપકાર કરો અને મને અન્ફોલો કરી દો!’ શમિતાને છેલ્લે વેબ સીરીઝ ધ ટેનન્ટ માં જોવામાં આવી હતી. ●

# વરૂણનું દિલ ભરાઈ ગયું

ડેવિડ ધવન ફિલ્મ ફેસ્ટીવલના ભાગ રૂપે થીયેટર્સમાં ‘મેં તેરા હીરો’ ફિલ્મ ફરીથી રીલીઝ થઇ છે અને તેના એક સ્ક્રીનીગ વખતે તેના એક ચાહકે અત્યંત રોમેન્ટિક હાવભાવ થિયેટર હોલ માં આપ્યા જેનો વિડીયો ઈન્ટરનેટ પર ઘણો વાઈરલ થઇ ગયો. આ વાઈરલ કલીપ બધાના ધ્યાનનું કેન્દ્ર બની ગઈ છે અને વળી, જયારે ફિલ્મનો મુખ્ય એક્ટર વરુણે જ્યારે આ કલીપ જોઈ ત્યારે તે પણ અવાક થઈ ગયો.

જેવું સ્કીનીગ શરૂથઇ ગયું તેવાં જ થીયેટર હોલના વિડીયો કલીપ પણ ઈન્ટરનેટ પર વાઈરલ થવા લાગ્યા. પરંતુ, તેમાનો એક વિડીઓ વધારે વાઈરલ થયો જેમાં એક ચાહક ‘પલટ’ સોંગ પર થીયેટરમાં જ પોતાની ગર્લ ફ્રેન્ડને પ્રપોઝ કરવા બોલીવુડ સ્ટાઈલમાં ડાન્સ કરે છે. ઓનલાઈન ચાહકો દ્વારા આ ક્ષણ ને ‘ફિલ્મી મેઈન કેરેક્ટર મોમેન્ટ’ તરીકે જાહેર કરવામાં આવી. આખરે આ વિડીયો વરણ સુધી પહોંચ્યો અને તે પણ આ વિડીયો શેર કર્યા વિના રહી શક્યો નહી. તેને ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પણ મૂકી અને સાથે લખ્યું કે ‘મારું દિલ આ વિડીયો જોઈએને ભરાઈ આવ્યું છે. હું કૃતજ્ઞતા અનુભવું છું.’ આટલું જ નહિ, તેણે બીજો પણ એક વિડીયો શેર કર્યો કે જેમાં વ્યૂઅર્સ પણ સ્ક્રીન પાસે ડાન્સ કરતા દેખાય છે. આ વિડીયો શેર કરતા તેણે કહ્યું કે, ‘આ શું ચાલી રહ્યું છે?’ મુવી રીલીઝ થઇ હોય ત્યારની સ્કીનીગની પરિસ્થિતિ અને રીલીઝ થઈ ત્યારનો સ્કીનીગનો માહોલ બંને અલગ રહે છે જેના વિષે વરુણ કહેવા માંગે છે. ડેવિડ ધવન ફિલ્મ ફેસ્ટીવલ એક ઉજવણીના ભાગ રૂપે થીયેટર ઈવેન્ટ છે જેમાં આ પીઢ ડીરેક્ટર ની કેટલીક સૌથી લોકપ્રિય ફિલ્મોને પડદા પર ફરી બતાવવામાં આવે છે. ૨૦૧4 ની ‘મેં તેરા હીરો’ એક કોમેડી ફિલ્મ હતી જે ફરી રીલીઝ કરવામાં આવી છે. તેમાં મુખ્ય ભૂમિકામાં વરુણ, ઈલીયાના ડીક્રૂઝ, નરગીસ ફખરી, અરુણોદય સિંહ, અનુપમ ખેર, રાજપાલ યાદવ અને શક્તિ કપૂર હતા. તેની ધારદાર કોમેડી, ઉત્સાહથી ભરપૂર ગીતો અને એનર્જીથી ભરપૂર પરફોર્મન્સ ને કારણે વરુણની શરૂઆતની હીટ ફિલ્મો માની એક રહી હતી. ●

